# ‘ભાણ છતે...’

–ડૉ. અશ્વીન દેસાઈ

ભગવાનની કૃપાથી અને જાતમહેનતથી ગાંઠે બે પૈસા હોય, તો ભીંસમાં ગળે પકડાયેલાને મુક્ત કરવા માટે દેવાનું દાન, ‘સુર્ય અસ્ત પામે તે પહેલાં’ આપી દઈ ધરતીની–માણસની–નારીની લાજ બચાવી લેવાના પુણ્યના ભાગીદાર થવા સીવાય બીજું કયું મોટું પુણ્ય હોઈ શકે ?

‘તે માસ્તર, તું પૈહા આલતો કેહને ! તો લે આ સાંકરી ને પૈહા આલ !’ મારી નાનકડી ઓફીસમાં બેસી હું કશુંક લખી રહ્યો હતો. ત્યાં બપોરે બે વાગ્યાના સુમારે ભડકીલાં રંગીન કપડાં પહેરેલી એક મધ્યમ વયની, શ્યામ વર્ણની, તીખી; છતાં વ્યાકુળ આંખો ધરાવતી બાઈએ મારા ટેબલ પર ગળામાંની સાંકળી કાઢી ફેંકતાં કહ્યું.

‘હું પેહા આલું છું એમ કોણે કહ્યું ?’ મેં પુછ્યું. ‘તે પેલો મન્દીરનો પુજારી જયેશ કહેતો છે ને કે તું પૈહા આલતો છે !’ એનો જવાબ સોંસરો હતો.

‘હું સાંકરી લેઈને પૈહા આલતો છે એવું કોણે કહ્યું ?’ હું એની બોલીમાં બોલી શકતો નહોતો એટલે મીશ્રરુપની– થોડા વીનયવીવેકવાળી; છતાં એની બોલીના લહેકાવાળી વાણીમાં મેં પુછ્યું.

‘તે કેમ, તું પૈહા આલતો છે તે એમ ને એમ થોડો જ આલતો છે ! પૈહા આલતો છે તે કંઈ ને કંઈ તો લેઈ જ લેતો ઓહેને !’

‘આ તમારી સાંકરી લઈ લો ! હું તમને એમ ને એમ જ પૈહા આલીશ.’ મેં એની સાંકળી પાછી વાળતાં ફરી પુછયું, ‘તારે પૈહા હાને માટે જોઈતા છે ?’

‘તે કેમ, મારા પોયરાનો પગ કપાઈ જે’યલો છે તે દાક્તરને પૈહા આલવાના છે !’

‘પગ કેવી રીતે કપાઈ ગયો ? કેટલા પૈહા દાક્તરને આલવાના છે ?’ મેં સહજ વીગત જાણવા પુછ્યું, ‘તે મારી વાંહે હું ઉભો રે’યલો છે ! આગળ આવની ! ભહની ! (ભસી મર, વાત કર)’ પોતાની પાછળ કાંબળો ઓઢી ઉભા રહેલા પુરુષને ઉદ્દેશી એ તાડુકી, પછી બોલી, ‘મારો પોયરો રેલ્વેના પાટે રમતો ઉતો તે પગ કપાઈ જે’લો છે. તેના પૈહા દાક્તરને આલવાના છે !’ પેલો મરદ તો કાંબળો એક ખભે, બીજા હાથે સરખો કરતો, મુઢ–ઢોર થઈ ગયા જેવો ઉભો હતો. સરકી જતાં કાંબળાને તે રોકી ન શક્યો ને એનો ખભો ખુલ્લો થઈ ગયો. એક હાથ જ નહોતો ! મેં પુછ્યું : “આને શું થેઈલું ? એનો હાથ કાં ગીયો ?”

પોતાની અધીરાઈ પર જરાક કાબુ રાખી, એ તીખી દૃષ્ટી સાથે તીખી વાણીમાં બોલી ઉઠી, “તે એ તો પથ્થર તોડવા જે’લોને તાં ધડાકે ઉડી જે’લો.” પેલો મરદ તો મુંગોમંતર હતો !

“દાક્તરને કેટલા પૈહા આલવાના છે ?” મેં વાતનો દોર પકડતાં પુછ્યું, એ કંઈ યાદ કરતી હોય તેમ ધીમેથી બોલી, “તે બે વાર હજાર ને બે વાર સો આલવાના છે.”

“તમારે કેટલા પૈહા જોઈએ છે ?” મેં સ્વાભાવીક રીતે જ પુછ્યું ન પુછ્યું એટલામાં એ તાડુકી, એની અધીરાઈ ખુટી હતી. દબાયેલી સ્પ્રીંગ છટકે તેમ એ થોડી ચીડ સાથે પુછી બેઠી, “તે માસ્તર, તું પૈહા આલવાનો છે કે અકીનકી જ પુઈછા કરવાનો છે ?”

“અરે બહેન, મારે જાણવું તો પડેને કે તમારે કેટલા પૈહા દાક્તરને આપવાના છે ? કેટલા તમે આપ્યા અને કેટલા મારે તમને આપવા જોઈએ !” એને સમજાવતાં મેં પુછ્યું.

“તે દાક્તરને એક વાર હજાર ને એક વાર સો આલેલા છે બાકીના આલવાના છે.” એ ધીરેથી બોલી. પણ એના મનમાં ઉંડે ઉંડે કોઈ લાવા ધખી રહ્યો હોય એવું એની અવસ્થા પરથી લાગી રહ્યું હતું.

હું પણ સમજી ગયો હતો કે એને પૈસાની તત્કાળ જરુર છે. મારા મનમાં એવી વાત રમતી હતી કે આ બાઈ એક વારના હજાર અને એક વારના સો ક્યાંથી લાવી છે તે પણ જાણી લઉં તો એને પુરેપુરી મદદ કરીને દાક્તરના બીલ અને ઉછીના લીધેલા પૈસાના દેવામાંથી એને સદંતર મુક્ત કરાવી શકાય. સહેજ થંભીને મેં તેને પુછ્યું, “દાક્તરને જે પૈહા આલ્યા તે એકવારના હજાર ને એક વારના સો રુપીયા, તે કાંથી લાવલા ?”

“તે હું(શું) કે’ઉં માસ્તર !” બાજુમાં ઉભેલા પુરુષ તરફ આંખ–આંગળી કરી આગળ બોલી, “આને કંઈ ભાન ની, તે એ મારી પોરીને ગામના દુકાનવાળાને તાં મુકી આવેલો ને તાંથી એ પૈહા લાવલો છે. તે માસ્તર, તું પૈહા આલવાનો ઓ’ય તો આલ. ભાણ છતે તે દુકાનવારાને તાં જાઉં ને મારી પોરીને લેઈ આવું. જો રાત પડી જહે તો મારી પોરીનું હુંનું હું થહે?” આટલું બોલતાં તે રડું રડું થઈ ગઈ. તે વેળાની તીખી દૃષ્ટીવાળી તેની સજળ આંખ હું આજે વર્ષો વીત્યાં છતાંય હું ભુલી શક્યો નથી.

આખી વાત મને સમજાઈ ગઈ. સોનગઢથી દુરના અંદરના પ્રદેશની આ બાઈનો પતી, પથ્થર ફોડવાના કામમાં હાથ ગુમાવી બેઠો હતો. રેલવેના પાટા પર રમત રમતાં દીકરાનો પગ કપાઈ ગયો હતો. એને હૉસ્પીટલમાં દાખલ કરવો પડ્યો હતો. બીલો ઉથલાવતાં સમજાયું કે અંદાજે ચોવીસ સો રુપીયા જેટલું હૉસ્પીટલનું બીલ હતું. જેમાંથી બાર સો રુપીયા એ રંક દમ્પતી હૉસ્પીટલમાં ભરી શક્યું હતું. એ બારસો રુપીયા એનો પતી કોઈ દુકાનદારને ત્યાંથી લાવ્યો હતો ને ત્યાં એ પોતાની દીકરીને મુકી આવ્યો હતો. આ બારસો રુપીયા જો એને એની સાંકરીના બદલામાં મળે તો એ લઈ જઈને પેલા દુકાનવાળાને ત્યાં જઈ પરત આપી દે તો એ એની પોતાની દીકરીને પાછી લાવી શકે.

ઘટનાક્રમમાંથી તો એવું જ સમજાતું હતું કે માણસ નાણાંભીડના પ્રસંગે મહામુલી ચીજવસ્તુ ગીરવી મુકી પૈસા લાવે ને ભીડ–ભીંસમાંથી છુટો થાય. પણ આ બાઈનો પુરુષ તો દીકરીને મુકી આવ્યો હતો ને પૈસા લાવ્યો હતો ! દુકાનદાર ગમે તેવો હોય તોય ચીજવસ્તુ ગીરવે રાખે; આખું ને આખું માણસ થોડું ગીરવે રાખે ! અને તોયે આ તો યુવાન દીકરીને ગીરવે

મુકી આવવાની વાત હતી ! કોનું ચારીત્ર્ય કેવું ને કોની દાનત કેવી એ બધાનો વીચાર કરવાનો વખત જ નહોતો.

તબીબી રાહતનાં આવાં આ સેવાકાર્યો હું મારા વડીલ ઉદ્યોગપતી ને વ્યાપારી મીત્રોનાં નાણાંથી કરતો હતો. મારે કોને, કયા સંજોગોમાં, કેટલી સહાય આપવાની, તેની પુછપરછ કરવાની નહોતી. એટલે મેં તત્કાળ એ બાઈને પુરા ચોવીસસો રુપીયા આપ્યા. સો રુપીયા બસભાડાનાય વધારાના આપ્યા અને પહેલી મળતી બસ પકડાવી.

અઠવાડીયા પછી મારી એ નાનકડી ઑફીસને આંગણે એ જ બાઈ એની સોળ–અઢાર વરસની દીકરી અને કપાયેલા પગની સારવાર પામેલા દીકરાને લઈને ઉભી હતી. હું ઑફીસમાં ગયો. એ અંદર આવી. એના હાથમાં ચાર–પાંચ સાવરણી હતી ને નીચું જોઈને બોલી, “તે માસ્તર, તેં પૈહા આલેલા તો આ મારી પોરીને ભાણ છતે હું દુકાનવારાને તાંથી લાવલી. મારા પોયરાને હારું છે. તે માસ્તર, તને બીજું હું આલું ? આ સાવંડી છે તે લાવલી છે....” એ ઘડીક ઉંચું જોઈ, મારા તરફ જોઈ, નીચું જોઈ ગઈ. એની આંખમાં નરી કૃતજ્ઞતા હતી. એની પોરી તો ગભરાયેલી આંખોથી સામું જોતી હતી; છતાં જાણે કંઈ જ જોતી નથી !

એ સાવરણીઓથી દુકાનદારની દાનત વીશેના સંશયભર્યા કચરાને મારા મનમાંથી વાળીઝુડી સાફ કરી નાંખ્યો. જેમ જેમ મારું મન સાફ કરતો ગયો તેમ તેમ સમજાતું ગયું કે ગાંઠે બે પૈસા હોય, ને સામું માણસ જો ભીંસમાં સપડાયું હોય તો ‘ભાણ છતે’(સુર્ય અસ્ત પામી જાય તે પહેલાં જ) એ બે પૈસા સહાયરુપે આપી દઈ એને ભીંસમુક્ત કરવું રહ્યું.

દેવાનું દાન સુર્ય અસ્ત થાય તે પહેલાં દઈ દઈએ તો ધરતીના આભુષણરુપ નારીની લાજ તો સચવાય ને !

–અશ્વીન દેસાઈ

સુરતના પ્રસીદ્ધ પ્રકાશનગૃહ ‘સાહીત્ય સંગમ’( બાવા સીદી, પંચોલીની વાડી સામે, ગોપીપુરા, સુરત – 395 001) દ્વારા પ્રકાશીત માસીક ‘સંવેદન’ (તંત્રી : જનક નાયક, સરનામું ઉપર મુજબ, વાર્ષીક લવાજમ રુપીયા 120ને બદલે ફક્ત રુપીયા : 50 (વીદેશ માટે ચોવીસ ડૉલર અથવા આઠ પાઉન્ડ) ફોન : 0261- 259 7882, 259 2563)ના ફેબ્રુઆરી 2013ના 63મા અંકના પાન 33 ઉપરથી લેખક અને પ્રકાશકના સૌજન્યથી સાભાર...

લેખક–સમ્પર્ક :
DR. ASHVIN DESAI
E - WING, 101 - SUN RESIDENCY, B/h BHULKA BHAVAN SCHOOL,
OPP. VEGETABLE MARKET, NR. MADHAV RAW HOUSE,
ANANDMAHAL ROAD, ADAJAN SURAT - 395 009 Phone : 0261-273 0498
MOBILE - 98245 03118 eMail : ashvin_desai@yahoo.com

‘સન્ડે ઈ-મહેફીલ’ - વર્ષ : નવમું - અંક : 279 – September, 22

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

@@@@@@@@@

Pop-Up Dictionary Application – Live !

*AppFest - 2013 Winning App Now Available on Google Play Store !*

Arnion Technologies announces the launch of awaited Gujaratilexicon ‘Pop Up Dictionary’ - A Handy Language Tool for Android Users !

Pop-Up Dictionary is an Offline Application containing English to Gujarati and Gujarati to English dictionaries. Application will assist users to find meanings On The Go !

: Effective Features :

1. Inbuilt Search Box
2. Auto Suggest & List View Meaning
3. Find Meaning Of Any Editable Word In Device
4. Copy Word & Get The Meaning

Download Application from :

https://play.google.com/store/apps/details?id=com.arnion.glpopup

Gujaratilexicon’s Other Mobile Applications :

Gujaratilexicon is inspired to continue vision of modernizing and spreading Gujarati Language through adoption of latest technology. Gujaratilexicon Team is looking forward to cater Techno-Language projects to the Gujarati Lovers in the year ahead.

**Download Gujaratilexicon Various Mobile Applications From Below Link :**

**Android - https://play.google.com/store/search?q=gujaratilexicon**

**Blackberry - http://appworld.blackberry.com/webstore/search/gujaratilexicon/?**

**iPhone - https://itunes.apple.com/us/app/gujaratilexicon-dictionary/id663856148?mt=8**

&&&

More than 2,41,80,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 22,20,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 5,30,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@